'ઓપરેશન સિંદૂર'માં ચીને પાકિસ્તાનને મદદ કરી: અમેરિકી સમિતિ

ભારતીય લશ્કર ચીની ડ્રોન્સ અને તેમના ભાગો ખરીદી રહ્યું છે!

ડ્રોન ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા સંરક્ષણ મંત્રાલય સમક્ષ કરવામાં આવેલી રજૂઆત, પુરાવા પણ રજૂ કરાયા

લશ્કરને ભારતીય બનાવટના ડ્રોન જ ખરીદવાની સૂચના આપવાની કરાયેલી માગ



નવી દિલ્હી, તા. ૨૧: ભારતીય લશ્કરના ઘણા એકમો ચીની ડ્રોન્સ અને તેના ભાગોની ખરીદી કરે છે એમ ભારતના ડ્રોન ઉદ્યોગ જગતે સંરક્ષણ મંત્રાલય અને સીડીએસ સમક્ષ વિગતવાર કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું અને આ લશ્કરી એકમો દ્વારા ૨૦૨૧થી ૨૦૨૬ વચ્ચે આ માટે જારી કરાયેલા જાહેરમાં ઉપલબ્ધ એવા ટેન્ડરો પણ દર્શાવ્યા હતા.

20 નવેમ્બરના રોજ ડ્રોન ફેડરેશન ઓફ ઇન્ડિયા(DFI) દ્વારા આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી, જે ideaForge, Aereo અને અન્ય સહિત 550 થી વધુ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરતી ઉદ્યોગ સંસ્થા છે. આ સંસ્થાએ સંરક્ષણ મંત્રાલયને આગ્રહ કર્યો કે સંરક્ષણ એકમો અને સંસ્થાઓને ચીની ડ્રોનના ઘટકો ન ખરીદવા માટે "કડક એડવાઇઝરી જારી" કરવામાં આવે અને તેના ભારતીય વિકલ્પોને પ્રાથમિકતા આપવામાં આવે. રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓ અને સ્થાનિક ઉત્પાદનના લક્ષ્યોને ટાંકીને, ભારતે ફેબ્રુઆરી 2022માં DJI જેવી ચીની બ્રાન્ડ્સ સહિત વિદેશમાં બનેલા ડ્રોનની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રતિબંધ સંપૂર્ણપણે તૈયાર એકમો તેમજ સેમી-નોક્ડ-ડાઉન અને કમ્પ્લીટલી-નોક્ડ-ડાઉન ડ્રોનને લાગુ પડે છે, જેમાં સંરક્ષણ, સુરક્ષા અને R&D (સંશોધન અને વિકાસ) માટે મર્યાદિત અપવાદો છે. "અમે તમારું ધ્યાન દોરવા માંગીએ છીએ કે DFI ને ભારતીય સેનાના એકમો ચીની ડ્રોનના ઘટકો તેમજ ચીની ઘટકોથી બનેલી નોક્ડ-ડાઉન કિટ્સ ખરીદી રહ્યા હોવાના અહેવાલો મળ્યા છે. ત્યારબાદ DFI

...અનુસંધાન પાના 11 પર

ભારતના ઉદયને દબાવવા સરહદ પર દબાણ અને સપ્લાય અવરોધની રણનીતિ

સંસદને સોંપેલા અહેવાલમાં અમેરિકાની ચીન બાબતની સમિતિએ કહ્યું કે ભારતને નિયંત્રણમાં રાખવા ચીન પાકિસ્તાનને મદદ કરવાની વ્યુહરચના અપનાવે છે

ભારતને ભીંસમાં લેવા ચીને એલએસી પર ગતિવિધિઓ વધારી અને ભારત માટે જરૂરી પુરવઠામાં અવરોધો ઉભા કર્યા

ચીનનો સામનો કરવા માટે ભારત સાથે સહકાર વધારવાની આ સમિતિની ભલામણ

વૉશિંગ્ટન, તા. ૨૧: અમેરિકાની એક સંસદીય સમિતિએ તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું છે કે, ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ચીને પાકિસ્તાનને આપેલું સૈન્ય સમર્થન એ ભારતના ઉદયને દબાવવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ હતો. 'યુએસ-ચાઇના ઇકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યુ કમિશન'એ તેના વાર્ષિક અહેવાલમાં એ વાત પર પણ ભાર મૂક્યો છે કે ચીન ભારતને નિયંત્રણમાં રાખવા માટે સરહદ પર સૈન્ય દબાણ અને ઔદ્યોગિક પુરવઠા પરના નિયંત્રણોનો ઉપયોગ કરી રહ્યું છે.

અહેવાલમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે ભારતને ભીંસમાં લેવા માટે ચીને વાસ્તવિક અંકુશ હરોળ(એલએસી) પર પોતાની ગતિવિધિઓ વધારી અને ચીન પર ભારતની નિર્ભરતાનો લાભ ઉઠાવીને જરૂરી વસ્તુઓના પુરવઠામાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો. ચીનની આવી રણનીતિનો સામનો કરવા માટે કમિશને અમેરિકા અને ભારત વચ્ચે ગુપ્તચર માહિતી, દરિયાઈ સુરક્ષા અને ઉત્પાદન(મેન્યુફેક્ચરિંગ) ક્ષેત્રે વધુ ગાઢ સહયોગ સાધવાની હાકલ કરી છે. પોતાના અહેવાલમાં આ સમિતિએ એશિયામાં ચીનનો સામનો કરવામાં ભારતના મહત્વને સ્પષ્ટપણે દર્શાવ્યું છે. આ સમિતિએ ભારતને અમેરિકી જોડાણ પ્રણાલીની બહારની એવી ગણતરીની શક્તિઓમાંની એક ગણાવ્યું છે, જે એશિયામાં સત્તાનું સાનુકૂળ સંતુલન ઊભું કરી શકે છે. આ ઉપરાંત, ભારતને ચીનના ઉત્પાદન અને સપ્લાય ચેઇનના એક મુખ્ય વિકલ્પ તરીકે

...અનુસંધાન પાના 11 પર



જર્મનીના ડાઉનટાઉન બ્રેમેનમાં ઉચ્ચ શિક્ષણ અને શિક્ષણ નીતિમાં સુધારાની માંગણી સાથે તથા ફરજિયાત લશ્કરી સેવાના વિરોધમાં પ્રદર્શનકારીઓ કૂચ કરી રહ્યા છે. યુરોપના અનેક દેશોમાં આવી રેલીઓ યોજાઇ રહી છે ત્યારે શુક્રવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ જર્મનીના ફ્રેન્કફર્ટમાં પણ અપૂરતા ભંડોળ ધરાવતી શાળાઓ, શિક્ષણ, સામાજિક સેવાઓ, સંસ્કૃતિ અને આરોગ્ય સંભાળમાં કાપ, વધતા જતા જીવનનિર્વાહના ખર્ચ અને ફરજિયાત લશ્કરી ભરતી વિરુદ્ધ એક કૂચ કાઢવામાં આવી હતી જે સમયે સખત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

જુઓ, મેં નહોતું કીધું કે સોનું હમણાં ન ખરીદો....ભાવ ઘટી ગયા ને!: મોદી

એક વર્ષ પહેલા આ સલાહ બદલ મારી મજાક ઉડાવાઇ હતી પણ આજે લોકો કહે છે કે અમારા પૈસા બચી ગયા

પીએસયુના શેર ખરીદવાની મારી વાત માની તેમને પણ લાભ થયો છે

હવે ડીગ્રી ધરાવનારાઓને નહીં પણ કુશળતા ધરાવતા લોકોને માન મળશે

લખનૌ, તા. ૨૧: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે નાગરિકોને સોનાની ખરીદી મર્યાદિત કરવાની તેમની અપીલને કારણે છેલ્લા એક વર્ષમાં સોનાના ભાવમાં ઘટાડો થયો છે.

ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ અનાજની અછત દરમિયાન લોકોને એક ટંકનું ભોજન છોડવાની કરેલી અપીલ સાથે પોતાની અપીલની સરખામણી કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારતીયોએ બિનજરૂરી સોનાની ખરીદી ટાળવાની તેમની વિનંતીને પણ સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. વડાપ્રધાને લખનૌમાં 'કૌશલ દીક્ષાંત સમારોહ'ને સંબોધિત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. મોદીએ કહ્યું, "એક વર્ષ પહેલા મેં દેશવાસીઓને વિનંતી કરી હતી કે એક વર્ષ સુધી, જો જરૂરી ન હોય, તો કૃપા કરીને સોનું ન ખરીદશો. અને મને આનંદ છે કે, જે રીતે લાલ બહાદુર શાસ્ત્રીજીએ દેશવાસીઓને એક સમયનું ભોજન છોડવા કહ્યું હતું અને આ દેશે તેમની વાત માની હતી; મારો દેશ આજે પણ એ જ ચરિત્ર ધરાવે છે." વડાપ્રધાને વધુમાં ઉમેર્યું કે ઘણા લોકોએ તેમને કહ્યું છે કે તેમની સલાહનું પાલન કરવાથી તેમના પૈસાની બચત થઈ છે. તેમણે ઉમેર્યું, "મારા જેવા એક સામાન્ય માણસે ઓછું સોનું ખરીદવા કહ્યું; દેશવાસીઓએ ઓછું સોનું ખરીદ્યું અને સોનાના ભાવ ઘટ્યા. આજે લોકો મને કહી રહ્યા છે કે, 'મોદીજી, તમે કહ્યું, અમે તમારી સલાહ માની અને અમારા પૈસા બચી ગયા.'" મોદીએ કહ્યું કે તે સમયે કેટલાક લોકો આવી સલાહ આપવા બદલ મારી મજાક ઉડાવતા હતા પણ હવે લોકો કહે છે કે તેમના પૈસા બચી ગયા છે. મોદીએ એમ પણ કહ્યું કે મેં લોકોને જાહેર ક્ષેત્રની કંપનીના શેરો ખરીદવાની સલાહ આપી હતી, તે સમયે પણ લોકોએ મારી મજાક ઉડાવી હતી અને કહેવાયું હતું કે આ પીએસયુ ખોટમાં ચાલી રહ્યા છે, પણ જે લોકોએ મારી વાત માની તેમને ફાયદો થયો, આજે આ શેરો નાણા બનાવી રહ્યા છે. મોદીએ એવી પણ આગાહી કરી હતી કે હવે પ્રમાણપત્રોવાળા અને કોટ-ટાઇ વાળા લોકોનો કોઇ ભાવ પૂછશે નહીં, કુશળતા ધરાવતા લોકોને માન મળશે.

કુશળ કામદારોની રોજગારી એઆઇ છીનવી શકશે નહીં: મોદી

ભારત હવે વિશ્વની કુશળતા રાજધાની બનવા તરફ આગળ વધી રહ્યું છે

લખનૌ, તા. ૨૧(પીટીઆઇ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) વિશે ઘણી ચર્ચાઓ થઈ રહી છે, પરંતુ જે વ્યક્તિ પાસે કૌશલ્ય છે, તેની રોજીરોટી કોઈ છીનવી શકતું નથી.

અહીંના ઇન્દિરા ગાંધી પ્રતિષ્ઠાન ખાતે પાંચમા 'રાષ્ટ્રીય કૌશલ્ય દીક્ષાંત સમારોહ'ને સંબોધતા વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે આક્રમણખોરોએ ભારતના પરંપરાગત કૌશલ્ય માળખાને નુકસાન પહોંચાડ્યું હતું અને પરંપરાગત કારીગરીને નિશાન બનાવી હતી, અને ત્યારબાદ અંગ્રેજોએ કારકુનો પેદા કરવા પર કેન્દ્રિત શિક્ષણ પ્રણાલી દાખલ કરી હતી. પરંતુ સમય બદલાઈ રહ્યો છે અને ભારત વિશ્વનું 'સ્કિલ કેપિટલ' બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમણે જણાવ્યું હતું.

મોદીએ કહ્યું, જ્યારે આક્રમણખોરો ભારતમાં આવ્યા ત્યારે તેમનો પહેલો હુમલો આપણા કૌશલ્ય પર હતો. તેઓ જાણતા હતા કે ભારતીયોની કારીગરી દેશને મહાન અને સમૃદ્ધ બનાવી રહી છે, અને તેમણે કારીગરોના અંગૂઠા કાપીને તેને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો.

...અનુસંધાન પાના 11 પર

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,13,080/-
18 KT 92,490/- 14 KT 72,140/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

વૈષ્ણોદેવી યાત્રામાં અત્યાર સુધીમાં 87 લાખ શ્રદ્ધાળુ

એક કરોડનો આંકડો પાર થવાની આશા

કટરા/જમ્મુ, તા. 21 (પીટીઆઇ): શ્રી માતા વૈષ્ણોદેવીની યાત્રામાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં અંદાજે 87 લાખ શ્રદ્ધાળુઓ નોંધાયા છે. યાત્રાળુઓના સતત વધી રહેલા પ્રવાહને જોતાં શ્રાઈન બોર્ડે આશા વ્યક્ત કરી છે કે, વર્ષના અંત સુધીમાં આ સંખ્યા એક કરોડના આંકડાને પાર કરી શકે છે.

શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) સચિન કુમારે આ પ્રોત્સાહક પ્રતિસાદનો શ્રેય સુવિધાઓ અને માળખાગત વિકાસમાં થયેલા સુધારાઓને આપ્યો છે. કુમારે જણાવ્યું હતું કે, રિયાસી જિલ્લામાં ત્રિકુટા પર્વત પર આવેલા આ પવિત્ર ધામની મુલાકાત લેતા શ્રદ્ધાળુઓના એકંદર અનુભવને બહેતર બનાવવા પર બોર્ડે સતત ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

દેશ-વિદેશથી આવતા શ્રદ્ધાળુઓના બેઝ કેમ્પ કટરા ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં કુમારે કહ્યું હતું કે, "અમારી સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે, અને દેશભરમાંથી તેમ જ વિદેશમાંથી આવતા યાત્રાળુઓને અમે પૂરી પાડીએ છીએ તે સુવિધાઓમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ છે. બોર્ડ તેમની સુવિધા માટે દરેક શક્ય પ્રયાસ કરી રહ્યું છે."

ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે યાત્રાળુઓની સંખ્યા ઘણી વધારે રહી છે અને કુલ સંખ્યા 87 લાખની આસપાસ પહોંચી ગઈ છે. આ વર્ષે યાત્રાળુઓની સંખ્યા એક કરોડના

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૧-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૧.૮° સે.	૧૬.૬° સે.	૩૮%

ઓનલાઈન મંગાવેલ ફેરનેસ ક્રીમથી 17 વર્ષીય તરૂણીને કિડનીની ગંભીર બીમારી

કેરળની એક છોકરીએ ઇન્સ્ટાગ્રામ પર ઇન્ફ્લુએન્સરોના પ્રમોશનલ વીડિયો જોયા પછી ખીલ, કાળા ડાઘ દૂર કરવા માટેની ક્રિમ ઓનલાઇન મંગાવી હતી, કેટલોક સમય આ ક્રિમ વાપર્યા બાદ પગમાં સોજા સહિતની તકલીફો ચાલુ થઇ

ડોક્ટરોએ તપાસ કરતા તેને કિડનીમાં તકલીફ જણાઇ, જે પેલી ક્રિમમાં પારાના અત્યંત ઉંચા સ્તરને કારણે થઇ હોવાનું જણાયું

મલપ્પુરમ(કેરળ), તા. ૨૧(પીટીઆઇ): સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ દ્વારા કરવામાં આવેલા પ્રચાર બાદ ઓનલાઈન ખરીદવામાં આવેલી ફેરનેસ ક્રીમનો ઉપયોગ કર્યા પછી ૧૭ વર્ષીય તરૂણીને કિડનીની ગંભીર બીમારી થઈ હોવાનું તેની સારવાર કરી રહેલા ડોક્ટરોએ શનિવારે જણાવ્યું હતું.

મીડિયા અહેવાલો બાદ કેરળ રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગે આ મામલે સ્વતઃ સંજ્ઞાન લઈને કેસ નોંધ્યો છે. મલપ્પુરમની એસ્ટર મિમ્સ મદર હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા અનુસાર, ઇન્સ્ટાગ્રામ ઇન્ફ્લુએન્સર્સના પ્રમોશનલ વીડિયો જોયા પછી આ તરૂણીએ આ ક્રીમ ઓર્ડર કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ ક્રીમ ખીલ, કાળા ડાઘ અને પિગમેન્ટેશન દૂર કરી શકે છે. છોકરીએ પત્રકારોને જણાવ્યું હતું કે તેણે ઇન્સ્ટાગ્રામ પર આપવામાં આવેલા વોટ્સએપ નંબર દ્વારા વેચનારનો સંપર્ક કર્યો હતો અને પ્રોડક્ટ ઓર્ડર કરી હતી. શરૂઆતમાં તેને આ ક્રીમ અસરકારક લાગી હતી અને તેણે એક વર્ષના સમયગાળામાં તેની બીજી ઘણી બોટલો ઓર્ડર કરી હતી. તરૂણીએ જણાવ્યું કે ત્યારબાદ તેને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ થવા લાગી, જેમાં બ્લડ પ્રેશરમાં અચાનક ઘટાડો થવો અને બેભાન થઈ જવું સામેલ હતું. તેના પગમાં સોજા પણ આવી ગયા હતા, જેના કારણે તેના માટે ચાલવું અને દાદર ચડવા મુશ્કેલ બની ગયા હતા, ત્યારબાદ તે હોસ્પિટલમાં સારવાર માટે પહોંચી હતી. તરૂણીની સારવાર કરી રહેલા નેફ્રોલોજિસ્ટ ગૌરી એસ. એ પત્રકારોને જણાવ્યું હતું કે વિગતવાર તબીબી તપાસમાં તેના લોહી અને શરીરમાં પારા(મર્ક્યુરી) નું જોખમી રીતે ઊંચું સ્તર જોવા મળ્યું હતું.

ડોક્ટરે જણાવ્યું હતું કે ક્રીમ પર કરવામાં આવેલા પરીક્ષણોમાં સામાન્ય માન્ય સ્તર(૧ પીપીએમ કરતા ઓછું)ની સામે પારાનું સ્તર ૧૨,૫૦૦ પાર્ટ્સ પર મિલિયન(ppm) હોવાનું બહાર આવ્યું છે. તેમણે કહ્યું કે તપાસના તારણો દર્શાવે છે કે પારો ધરાવતી

...અનુસંધાન પાના 11 પર

બાંગ્લાદેશમાં ચાલુ રહેલી હિંસા

દેશના અનેક ભાગોમાં અથડામણો: તોડફોડ અને આગજનીના બનાવો બીએનપી, અવામી લીગના કાર્યકરો બાખડ્યાં

ઢાકા, તા. ૨૧(પીટીઆઇ): આ સપ્તાહની શરૂઆતમાં શાસક બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી સાથે જોડાયેલા સભ્યોની હત્યા બાદ દેશમાં વધતી જતી રાજકીય હિંસા વચ્ચે, દેશના વિવિધ ભાગોમાં બીએનપી અને પ્રતિબંધિત અવામી લીગના સમર્થકો વચ્ચે અથડામણ થઈ હોવાનું સ્થાનિક મીડિયાએ જણાવ્યું છે.

'ઢાકા ટ્રિબ્યુન'ના અહેવાલ મુજબ, આ સપ્તાહની શરૂઆતમાં બનેલી અલગ-અલગ ઘટનાઓમાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા હતા, જેમાં શાસક બીએનપી અને તેની સંલગ્ન સંસ્થાઓના ત્રણ સભ્યો અને એક બસ હેલ્પરનો સમાવેશ થાય છે, જે અજાણ્યા હુમલાખોરોએ પાર્ક કરેલી બસોને આગ ચાંપતા જીવતો સળગી ગયો હતો. અખબારના અહેવાલ મુજબ, શુક્રવારે નરૈલના કાલિયા ઉપજિલ્લામાં અવામી લીગના નેતાઓ અને કાર્યકરોના ડઝનબંધ ઘરો અને દુકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી અને આગ ચાંપવામાં આવી હતી. શુક્રવાર બપોરથી રાત સુધી બેંદર ચાર ગામમાં આ હિંસા ફેલાઈ હતી. અખબારે વધુમાં જણાવ્યું

...અનુસંધાન પાના 11 પર

